**SHAH FOODS LIMITED**
**Corporate Office :**
"SARAYU"
16/1, Kalyan Society,
Near Nagri Hospital, Mithakhali,
Ellisbridge, Ahmedabad-380 006. INDIA
Telefax : 91-79-26420273
91-79-26448371
Mobile : 91-99040 03700
E-mail : shahfoods.ahmedabad@gmail.com
CIN - L15419GJ1982PLC005071

**Date: 02-07-2021**

**Dear Sir,**

REF: FINANCIAL RESULT FOR THE QUARTER/ YEAR ENDED MARCH 31, 2021

**SUB: SUBMISSION OF COPIES OF NEWSPAPER ADVERTISEMENT PURSUANT TO REGULATION 47 OF THE SEBI (LODR) REGULATIONS, 2015**

Pursuant to Regulation 47 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, please find enclosed copies of financial results of the Company for the quarter/ year ended March 31, 2021 published in the following newspapers on 02-07-2021.

1. The newsline (Gujarati)
2. Chanakya ni Pothi (English)

Kindly take it on your record.

Thanking you,

**Yours Faithfully,**

**For, Shah Foods Limited**

SHAH FOODS LTD. AHMEDABAD

**Pradip R. Shah**

CFO

# CHANAKYA
NI POTHI

Ahmedabad 02-07-2021


## Taiwanese giant Wistron exceeds PLI investment obligation in just 8 months

Apple Inc's leading contract manufacturer, Taiwanese giant Wistron, has exceeded its investment obligation in India in just eight months, although the government's production-linked investment (PLI) scheme allowed it to complete the investment in four years.

Between August 2020 and end March 2021, Wistron made an investment of Rs 1255 crore — 25 per cent more than the total investment it had committed to the government.



Under the PLI scheme for mobile devices, the government had stipulated that each of the five participating global companies needed to invest Rs 250 crore every year for the first four years, totalling Rs 1,000 crore.

With this, Wistron and Foxconn Hon Hai, the two vendors which have already set up factories for manufacturing Apple phones in India, have together invested over Rs 1600 crore. Hence, they have collectively fulfilled 80 per cent of their investment obligation, which was expected to be completed in four years.

Apple's third contract manufacturer, Pegatron, has not set up a factory in India as yet.

The speed and quantum of investment is significant as it reflects Apple Inc's keenness to transform India into a major global hub for the manufacture and export of its mobile phones, so far concentrated in just one country –-China. Apple, through its three vendors, is planning a mobile phone production value of Rs 340,000 crore in five years.

This accounts for 56 per cent of the entire PLI production target of the government for global players (Rs 600,000 crore).

What's more, 80 per cent of Apple's production value will be exported, which is much higher than the government's target of exporting 60 per cent of the phones manufactured under the PLI scheme.

Apple's other vendor, Foxconn Hon Hai, has also exceeded its investment target for the first year.

Sources say that it has invested a little less than Rs 350 crore already. It is learnt that Foxconn is on a massive expansion plan and has several new factories under construction this year. Foxconn is expected to put in a large part of its stipulated investment this year itself as it installs new plant and machinery in its factories under construction.

However, Wistron, Foxconn and Apple Inc did not respond to queries in this regard.

Wistron has already built a massive factory near Bengaluru and hired almost 10,000 new employees in November last year. However, it had to halt production for nearly two months owing to some labour issues.

Wistron has not been able to meet its production targets — pegged at Rs 4000 crore — for the first year (2020-21) due to frequent lockdowns in Karnataka in the wake of the pandemic, the slowdown in the import of components post the Indo-China border skirmish in May 2020, and the factory shutdown during December 2020-January 2021.

The plan was that Wistron would manufacture the iPhone 12 Mini. However, this was put on hold due to a reduced demand for the model across the world.

Foxconn Hon Hai already manufactures iPhone 11 and the latest iPhone 12 at its plant in Tamil Nadu.

The smartphone PLI companies had requested the government to declare Year 1 as a Zero Year since, in spite of massive investments and hiring and setting up new plants, they were unable to meet their PLI production targets on account of the pandemic and the Indo-China border skirmish, which slowed down component imports and the transportation of plant and machinery.

The Government of India also banned visas for Chinese engineers from November 2020 to April 2021.

And when the visas were released, the second wave of Covid-19 struck India, leading to production grinding to a halt once again.

Though all mobile manufacturing is expected to return to normal slowly, it may not happen before September 2021. This will give companies around seven months of full production in the first year.

Finance Minister, Nirmala Sitharaman, on June 28 announced that the PLI scheme would be extended to six years, instead of five. Companies are free to choose any five years.

This should come as a big relief to nine out of the 10 PLI participants (Samsung is the only company which achieved its production target as it already has a plant with enough capacity) which were unable to meet their production targets in the first year.

Under the PLI scheme for mobile devices, the government has earmarked over Rs 41,000 crore as incentives on the production of phones (for global companies the incentive is for phones with an invoice value of above $200) for five years.

The five global manufacturers include the three contract manufacturers for Apple Inc, Samsung and Rising Star. The five home grown companies, which include Lava and Dixon Technologies, are also eligible in the scheme but the conditions for investment and production value is much lower than for global players.

## Covid-19 pandemic forces real estate developers to rethink house design

Faced with a prolonged pandemic and work-from-home rule, property developers are either providing or looking to add new-age amenities to attract prospective buyers. They are rolling out conveniences from touch-free elevators and motion sensor lighting to co-working spaces in new residential projects as part of the Covid safety measures.

For instance, Mumbai-based Sunteck Realty plans to include touchless entries, motion sensor lighting, re-engineered ventilation systems, lounges with glass dividers, multiple lobbies, wider lobby stairs, and separate outlets for deliveries in its upcoming project designs.

"Sunteck is also working on infusing biophilic design hypotheses into its design and development. We are working on open-plan living to improve the physical and mental health of our patrons, as they spend more and more time at home — working, studying, recreating and so on," said Kamal Khetan, chairman and managing director of the company.

Khetan added that the company would not charge anything additional for the amenities as it is in the company's interest to pass on the benefits of technology (tech) to its buyers.

Bengaluru-based Embassy Group is in talks for application-operated lifts. "Foot pedals for operating lifts were installed at some of our highrise development sites," said Reeza Sebastian, president-residential, Embassy Group.

Embassy has enabled contactless interactions at site offices to ensure social distancing is followed; separate entry and exits were set for essential services, she said.

Embassy had earlier collaborated with global tech giant Amazon and launched the country's first Alexa-enabled homes, when it got into mid-income housing.

"Pandemics have inspired substantive innovation and change before. Tech-enabled developments, such as home automation, the perfect mix of tech and real estate, contactless elevators, WiFi-enabled complexes, and voice-enabled homes, are the way forward," said Sebastian.

Amit Goenka, managing director and chief executive officer of fund manager Nisus Finance, said the amenities are now seen as hygiene factors and standard expectations for most occupiers and buyers. Hence, developments which have included these features tend to have a higher emotional connect rather than the conventional methods.

"We have been encouraging our investee companies to adopt these measures. They have been met with appreciation, better footfall, and conversion ratio," said Goenka.

The increased cost is marginal, but it improves the saleability of the project, added Goenka.

Many developers are also offering separate workspaces as part of the common area.

For instance, Bengaluru-based Sobha added co-working space in all its new projects. These spaces are well-designed, keeping in mind the social distancing protocol. It deployed Covid-safety protocols that included touch-free site visits, daily sanitisation of facilities, and installation of air purifiers across its project sites in the country, said a spokesperson for the company.

Bengaluru-based Puravankara has introduced provisions like workdesks or videoconferencing within the common areas of its projects (such as clubhouses), said its Managing Director Ashish R Puravankara.

Puravankara's WorldHome Collection includes oxygen-infused clubhouses and a sky club which links landscaped terraces.

"Since all our amenities are derived through extensive research and development, with specific customer demographics in mind and market requirements, our design process is driven by value-engineering, not necessarily requiring a price revision," said Puravankara.

Rakesh Kumar, chief design officer, Godrej Properties, said since the pandemic, the company has focused on 'work and study from anywhere' (WSFA), which not only includes making apartments flexible, but also making public areas like lobbies, clubhouses, and landscapes WSFA-supportive.

Kumar said a lot of "Covid protocols" were actually part of their product design, even before the pandemic. Curated open spaces and designed greens which serve utilitarian benefits, unit layouts thought through after detailed consumer interactions and studies, such as location of sockets, utility space provision, lofts in compact units, tower design such that there is maximum cross ventilation in all units, need-based amenities (such as children's play area near building, herb gardens or various types of gardens for specific purposes) were all part of their design ethos since quite some time.

## Manufacturing PMI contracts 48.1 in June, despite states easing curbs

India's domestic factory orders and production contracted for the first time in 11 months in June as restrictions to contain the Covid-19 pandemic put manufacturing into "reverse gear".

The IHS Markit India Manufacturing Purchasing Managers' Index (PMI) slipped to 48.1 in June from 50.8 in May, moving below the 50-level separating growth from contraction.

The factory output averaged 51.5 in the opening quarter of 2021-22, the lowest three-month figure since the year-ago quarter, according to the survey.

"The intensification of the Covid-19 crisis in India had a detrimental impact on the manufacturing economy," said Pollyanna De Lima, economics associate director at IHS Markit. "Growth of new orders, production, exports and input purchasing was interrupted in June as containment measures aimed at bringing the pandemic under control restrained demand. However, rates of contraction were softer than during the first lockdown."

New order growth that started in August 2020 ended in June, with firms linking the deterioration in demand to the pandemic. The pace of contraction, however, was much softer than what was registered at the onset of Covid-19 last year, it said.

The survey highlights that weakness in demand and a reduction in production requirements led firms to restrict input purchasing in June. Buying levels fell at a marked pace that was among the fastest seen since data collection started in March 2005.

"The dip in the June PMI is somewhat at odds with the mostly positive high-frequency data available so far. While diesel consumption has contracted on a year-on-year basis in June, this is likely to be on account of high prices diverting some freight to the railways," said Aditi Nayar, chief economist, ICRA.

Following the phased unlocking, goods and services tax (GST) e-way bills, vehicle registration, electricity demand, and petrol consumption have all reported a sequential improvement over May and growth in June.

On the job front, companies were at their least optimistic for almost a year. "As a result, jobs continued to be shed midway through the year. The fall in employment was marginal, but took the current sequence of month-on-month contraction to 15 months," said the report.

De Lima said companies became increasingly worried about when the pandemic would end, which resulted in downward revisions to output growth projections. As a result of subdued optimism, jobs were shed again in June.

"Out of the three broad areas of the manufacturing sector monitored by the survey, capital goods was the worst affected in June. Output here declined at a steep rate due to a sharp fall in sales," De Lima said.

Falling new orders, business closures, and the Covid crisis triggered a reduction in output among Indian manufacturers. The decline was moderate relative to those seen in the first half of 2020, but ended a 10-month sequence of growth, the report said.

The June data pointed to marked declines in both pre- and post-production inventories. The former posted the first contraction in 10 months.

Amid reports of raw material scarcity, transportation issues, and states' restrictions, supplier performance worsened again in June. However, average lead times lengthened only slightly.

Input costs increased further in June, with firms reporting higher prices for chemicals, electronic components, energy, metals and plastics. The rate of inflation was, however, the joint-lowest in five months (equal to May).

The PMI data is released monthly in advance of the comparable official economic data. It is compiled from responses to questionnaires sent to purchasing managers in a panel of around 400 manufacturers.

## Anil Agarwal-led Vedanta Limited plans $5-billion capex for 3 years

Anil Agarwal-led Vedanta Limited has planned a capex of $5 billion (around Rs 37,500 crore) over a period of three years.

A major chunk of this capex would go into oil and gas business. "About $2 billion has been earmarked for oil and gas business and the balance for aluminium, copper, steel and zinc where about $500 million each (at least) would be used as capex," Agarwal, founder and chairman of Vedanta Resources Limited, said on Thursday at a virtual press conference.



Vedanta's capex for three years to FY20 stood at Rs 20,000 crore, according to the company's annual report for the year. In FY21, it spent Rs 7,286 crore, which is a 14 per cent increase over the previous year's Rs 6,385-crore capex.

The company plans to push up its overall capacity by 50 per cent in the coming years through higher capex despite the pandemic.

"This year (FY22) we may also have a profit of $7 billion and so aim to have good allocation for our businesses," Agarwal said without elaborating whether the profit is for Vedanta Limited or parent Vedanta Resources.

Agarwal said that Vedanta was the only low-cost producer of oil in the country and given the dependence India had on the commodity, more low-cost domestic oil producing companies were needed.

"We are selling oil to the government for one-third cost of imported crude oil at about $20-$25 a barrel, as against $70 a barrel imported price. We need to have more oil producing companies in the country and focus on economic development is the only way this can happen," Agarwal added.

Sunil Duggal, chief executive officer of the company, said the mining sector's contribution to the country's gross domestic product (GDP) was just about 1.5 per cent. "There is a strong scope for job generation in the mining sector, which currently even at 1.5 per cent contribution to GDP generates 2 crore (20 million) jobs. So if the mining sector is developed, there is ample scope for job generation," Duggal said.

Vedanta is into iron ore mining business in Goa and Karnataka.

Agarwal said Vedanta Limited had witnessed the least impact of the Covid-19 second wave in terms of production as well as operations due to the precautionary measures taken at plant sites.

Vedanta Limited is a diversified natural resource company with business operations in India, South Africa, Namibia, and Australia. The company is into production of oil and gas, zinc, lead, silver, copper, iron ore, steel, aluminium and power.

## Ratan Tata-backed Mswipe Tech looks to morph into digital SME bank

Mswipe Technologies, PoS player which is backed by Ratan Tata Associates promoted fund, is looking to morph into a digital SME bank in next four to five years.

It will be a niche bank focused on small merchants and their needs. As a part of plans, it will scale up value added services like insurance at point-of-sale terminals and micro ATMs, said its new chief executive Ketan Patel.

He succeeds Manish Patel, founder of a financial services platform for SMEs, who will move into the role of managing director. In his previous assignment Ketal patel was the Executive Director & CEO of CASHe, digital lending company for salaried millennials.

Mswipe, which began operations in 2011, is the independent mobile POS merchant acquirer and network provider with 670,000 PoS and 1.1 million QR merchants across the country. It also works as an end-to-end digital enabler of MSMEs.

UC-RNT Fund, an alternative investment fund

**continued on Pg no. 2**


## SHAH FOODS LIMITED

**CIN : L15419 GJ 1982 PLC 005071**
**Regd. Office : Kalol Mehsana Highway, PO.-Chhatral, Tal.-Kalol, Dist.-Gandhinagar-382729**
**Telephone 079 26448371 , 02764233931 email : nirav.shah@shahfoods.com**
**Extract of Audited Financial Results for the quarter & year ended 31 March, 2021**

| SR No. | PARTICULARS | Quarter ended 31/03/2021 | Year ended 31/03/2021 | Year ended 31/03/2020 |
|---|---|---|---|---|
| 1 | Total Income from Operations | 8.79 | 8.71 | 101.34 |
| 2 | Net Profit / (Loss) for the period before tax, Exceptional and/ or Extraordinary items) | (13.13) | (55.16) | (175.35) |
| 3 | Net Profit / (Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items#) | (13.13) | (55.16) | (175.35) |
| 4 | Net Profit / (Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items#) | (14.74) | (55.28) | (172.38) |
| 5 | Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)] | (14.74) | (55.28) | (172.38) |
| 6 | Equity Share Capital | 59.75 | - | - |
| 7 | Other equity | (57.05) | (57.05) | (1.78) |
| 8 | Earnings Per Share (of Rs. 10/- each) (for continuing and discontinued operations) - 1. Basic: 2. Diluted: | (2.47) | (9.25) | (28.85) |

**Notes :**

1. The above Results have been reviewd by the Audit Committee and approved by the Board of Directors of the Company at its Meeting held on 29 June,2021. The statutory auditors have carried out the Audited financial results for the quarter and year ended 31 March, 2021 and have expressed an unqualified audit opinion.
2. The Financial Results for the quarter and year ended March 31, 2020 and March 31,2021 have been prepared in accordance with the Companies (Indian Accounting Standards) Rules,2015 (Ind As), prescribed under section 133 of the Companies Act, 2013, and other recognized accounting practices and policies to the extent applicable.
3. Britania Limited has discontinued Job work from our company from the last year and the management has decided to sale the Machinery and Factory related to the said business. The said is shown as Assets held for Sale. The management is exporling new line of business
4. Due to the outbreak of Covid-19 globally and India,the company's management has made initial assessementof the likely adverse impact on business and financial risks, and believes that the impact is likely to be short term in nature. The management doesnot see any medium to long term risk in the companay's ability to continue as going concern and meetings its laibilties as and when they fall due.
5. The above is an extract of the detailed format of Yearly Financial Results filed with the Stock Exchanges under Regulation 33 and 52 of the SEBI (Listing and Other Disclosure Requirements) Regulations, 2015, as amended. The full format of the Quarterly/Yearly Financial Results are available on the Stock Exchange website www.bseindia.com and on the Company's website www.shahfoods.com

**For, Shah Foods Limited**
**Sd /-**
**Nirav Shah**
**Managing Director**
**DIN : 01880069**

**Date : 29-06-2021**
**Place : Ahmedabad**

# ધી ન્યુઝલાઇન


વર્ષ : ૨૭ અંક : ૨૫૭ તા.૨-૦૭-૨૦૨૧ પાનાં ૪ માલિક : જયની પબ્લીશર્સ તંત્રી : રણછોડ એન. શાહ સહ તંત્રી : રાધિકા ગંજવાલા



# ભારતીય શેરબજાર અત્યારે ખૂબ જ ઊંચા વેલ્યૂએશન ઉપર

ટીસીએસના પ્રથમ ક્વાર્ટરના પરિણામો ૮મી જુલાઈએ જાહેર થવાના છે અને અમારી અપેક્ષા છે કે આ પરિણામો ખૂબ જ પ્રોત્સાહક આવશે પરંતુ તે અગાઉ ભારતીય બજાર અને આંતરરાષ્ટ્રીય સ્તરે થોડો પ્રોફિટ બુકીંગ અને કોન્સોલિડેશનનો તબક્કો જોવાય તેવી ગણતરી છે.

એમ પણ ભારતીય શેરબજાર અત્યારે ખૂબ જ ઊંચા વેલ્યૂએશન ઉપર પહોંચી ગયું છે અને આવા વેલ્યૂએશન ઉપર જો બજારને આગળ વધારવું હોય તો થોડા દિવસો પ્રોફિટ બુકીંગ કરીને સેન્સેક્ષ અને નિફ્ટીના શેરો થોડાક નીચા લાવવા પડે અને તે મુજબનો ટ્રેન્ડ અત્યારે ચાલી રહ્યો છે જેથી એક વખત પરિણામોની સિઝન શરૂ થાય અને સારા પરિણામોની સાથે સાથે તે શેરોને ઊંચકવા પડે તો તે વખતે તરળતા રહે.

**એચડીએફસી બેંક**નો શેર કરેકશન પૂરું કરીને હવે તેજીના કારણની રાહ જોઈ રહ્યો છે.




સૌ પ્રથમ આંતરરાષ્ટ્રીય ટ્રેન્ડની વાત કરીએ તો અમેરિકન બજારમાં અત્યારે સ્ટાન્ડર્ડ એન્ડ પુઅર્સ અને ડાઉજોન્સ ઓલટાઈમ ટોપ ઉપર ચાલી રહ્યા છે અને તેમાં આગામી દિવસોમાં વધારે તોતીંગ ઉછાળાની જગ્યા છે.

અમેરિકાના નવા પ્રમુખ દ્વારા ૭૧૫ બિલિયન ડોલરના સર્ફેસ ટ્રાન્સપોર્ટેશન અને વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર ખરડાને ગયા અઠવાડિયે મંજૂરી આપી દીધી અને તેને કારણે અમેરિકાના ઈન્ફ્રાસ્ટ્રક્ચર કાયદામાં અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર માળખામાં નોંધપાત્ર સુધારો જોવાશે અને તેથી અસંખ્ય નવી રોજગારીઓ ઊભી થશે તેવી ગણતરી છે.

બીજી તરફ ગયા અઠવાડિયે અમેરિકાના ઓટો ઉત્પાદકો દ્વારા ત્રિમાસિક વેચાણોમાં ખૂબ જ સુંદર ઉછાળો દર્શાવાયો છે અને તેમાં એસયુવીની માંગમાં ખૂબ જ મોટો ઉછાળો છે અને ઓટો ઉત્પાદકો દ્વારા અપાયેલા સંકેત મુજબ આ પ્રકારનો ટ્રેન્ડ સને ૨૦૨૨ દરમ્યાન પણ ચાલુ રહેશે. વધુ ને વધુ લોકો પ્રાઈવેટ વાહનોમાં શિફ્ટ થઈ રહ્યા છે અને હવે નવા ઈલેક્ટ્રિક વાહનો લોન્ચ થઈ રહ્યા હોવાથી તેને કારણે પણ સુધારો જોવાશે.

ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ દ્વારા વર્ષ ૨૦૨૧ માટે અમેરિકાના વૃદ્ધિદરમાં તોતીંગ વધારો કર્યો છે. એપ્રિલ મહિના દરમ્યાન આઈએમએફએ ૪.૬ ટકા વૃદ્ધિનો અંદાજ આપ્યો હતો જે હવે વધારીને ૭ ટકા કરવામાં આવ્યો છે અને તે માટે કોરોના મહામારીમાંથી જોવાયેલી સુંદર રિકવરી અને અમેરિકન પ્રમુખ દ્વારા જે ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સોશ્યલ સ્પેન્ડિંગની યોજના તૈયાર કરવામાં આવી છે તે ખૂબ જ ઝડપથી અમલમાં મૂકવામાં આવશે. અમેરિકન અર્થતંત્ર અંગેનો આ આશાવાદ અને પોઝિટિવ ટ્રેન્ડ સ્વાભાવિક છે કે ભારતીય શેરબજારને પણ અસર કરી શકશે અને વધુ ને વધુ ભંડોળ ભારતીય શેરબજારમાં આવે તેવી ગણતરી છે.

સામે બાજુએ અમેરિકાના બજેટમાં અત્યારે ૩ ટ્રિલિયન ડોલરની ખાધ આ વર્ષે આવવાની ગણતરી છે. કોંગ્રેસની બજેટ ઓફિસ દ્વારા આ અંદાજ આપવામાં આવ્યો છે અને તે મુજબ આ ખાધ અમેરિકાના જીડીપીના લગભગ ૧૩.૪ ટકા જેટલી થાય છે. વર્ષ ૧૯૪૫ પછી આ સૌથી મોટી બજેટ ખાધ છે અને જે રીતે અમેરિકન કોંગ્રેસે મહામારીમાંથી દેશને બહાર લાવવા માટે પગલાં લીધા છે તેની અસર દેખાય છે.

પરંતુ સામે પક્ષે બેરોજગારીના દાવામાં નોંધપાત્ર ઘટાડો થયો છે. આગલા અઠવાડિયે ૪૧૧૦૦૦ લોકોએ બેરોજગારીના દાવા રજૂ કર્યા હતા જે હવે ઘટીને ૩૬૪૦૦૦ થઈ ગયા છે. અને આ ટ્રેન્ડ પણ એક અમેરિકન અર્થતંત્ર માટે પોઝિટિવ ચિન્હ છે.

સામે પક્ષે ભારતમાં બેરોજગારીમાં તોતીંગ વધારો થઈ રહ્યો છે. અને જે રીતે મેન્યુફેક્ચરિંગ પર્ચેજીંગ મેનેજર્સ ઈન્ડેક્ષ ૫૦ની અંદર આવી ગયો છે તેને કારણે સેન્ટીમેન્ટને ગંભીર અસર પડી છે. કોરોના મહામારીની બીજી લહેરને કારણે અને હવે ત્રીજી લહેર અંગેનો ભય હોવાને કારણે મેન્યુફેક્ચરીંગ સેક્ટરના સેન્ટીમેન્ટને ગંભીર ફટકો પડ્યો છે અને અસંખ્ય ઉત્પાદકોએ કામકાજ ઘટાડી નાખ્યું હોવાથી તેની અસર રોજગારી ઉપર પડી છે. અત્યારે રોજગારીનો દર ૯.૧૭ ટકાના લેવલે આવી ગયો છે. જે એક તબક્કે મે મહિનામાં ૧૧.૯ ટકા ઉપર પહોંચી ગયો હતો. શહેરી બેરોજગારીનો દર અત્યારે ૧૦.૦૭ના લેવલ ઉપર જૂન મહિનામાં જળવાયો છે. જ્યારે મે મહિના દરમ્યાન તેમાં ૧૪.૭૩ ટકાનું લેવલ પહોંચી ગયું હતું. આમ એકતરફ બેરોજગારીમા ંતોતીંગ વધારો થયો છે અને બીજી તરફ ફુગાવો અંકુશ બહાર જઈ રહ્યો છે. ગયા અઠવાડિયે અમૂલ દ્વારા દૂધના ભાવમાં લિટર રૂા.૨નો વધારો કરાયો અને તે પછી અન્ય ડેરીઓએ પણ તે મુજબ દૂધના ભાવ વધાર્યા છે અને બાકી હતું તો રાંધણ ગેસના ભાવમાં પણ ગયા અઠવાડિયે સરકારે રૂા. ૨૫નો વધારો કરી દીધો. આમ છેલ્લા થોડા દિવસોમાં જ રાંધણ ગેસના બાટલામાં રૂા. ૧૫૦નો વધારો થઈ ગયો છે અને રીટેઈલ ફુગાવો વધે એટલે સ્વાભાવિક છે કે તેની અસર બચત ઉપર થાય અને બચતદરમાં મોટો ઘટાડો આવી શકે. આમ આ તમામ પરિબળો ભારતીય અર્થતંત્ર માટે જોખમી ચિત્ર દર્શાવે છે. પરંતુ આ નકારાત્મક પરિબળો વચ્ચે એક પોઝિટિવ પાસું એ છે કે તાજેતરમાં જે મેડિકલ અભ્યાસ થયો તેમાં મુંબઈની મોટી વસ્તીને હર્ડઈમ્યુનિટીની અસર થઈ છે એટલે કે તેને કારણે કોરોનાની ત્રીજી લહેર આવે તે સંભાવના નિષ્ણાતો ઓછી માની રહ્યા છે અને આ સંભાવના અન્ય મોટા શહેરોમાં પણ હોય તો નવાઈ નહિ લાગે. તેમ છતાં આ અંગેનું સ્પષ્ટ ચિત્ર તો એક કે બે મહિના પછી જ ખબર પડી શકે. પરંતુ અત્યારે તો અનલોકને કારણે વિવિધ બિઝનેસોમાં રીકવરી જોવાય છે. રેસ્ટોરન્ટોમાં અત્યારે ફરી વખત ભીડ થવા લાગી છે અને દુકાનોમાં પણ ખરીદીઓ વધવા લાગી છે. અને હવે ઓગસ્ટ મહિનામાં તહેવારોની સિઝન શરૂ થતા તેની વધારે જોરદાર અસર બિઝનેસો ઉપર જોવાશે અને તેને કારણે સેન્ટીમેન્ટમાં વધારે રીકવરી જોવાય તો નવાઈ નહિ લાગે.

અર્થતંત્ર અંગે અન્ય એક પરિબળ પણ સમજવું રહ્યું. અમેરિકામાં જાન્યુઆરીથી જૂન ૨૦૨૧ના સમયગાળામાં શેરબજારે પોઝિટિવ ટ્રેન્ડ દર્શાવ્યો છે. અને અગાઉના વર્ષનો અભ્યાસ દર્શાવે છે કે જ્યારે અમેરિકન શેરબજારમાં આ રીતે પ્રથમ છ મહિના પોઝિટિવ ટ્રેન્ડ દર્શાવતા હોય ત્યારે બાકીના છ મહિના પણ બજાર ઘટતું નથી એટલે કે તેજીમય રહેશે અને તેથી આ સેન્ટીમેન્ટની અસર ભારતીય બજાર ઉપર પણ આવતા મહિનાઓમાં જોવાશે તેમ લાગે છે.

એપ્રિલથી જૂનના ક્વાર્ટર દરમ્યાન ભારતમાં મીડકેપ અને સ્મોલકેપ શેરોમાં અને ઈન્ડેક્ષમાં બેન્ચમાર્ક ઈન્ડેક્ષ કરતા વધારે સુંદર ઉછાળો જોવાયો અને તેને કારણે પણ રીટેઈલ ઈન્વેસ્ટરો વધારે કમાયા હોય તેમ કહી શકાય. રીટેઈલ ઈન્વેસ્ટરો સામાન્ય રીતે નિફ્ટી કે સેન્સેક્ષના શેરોને બદલે મીડકેપ અને સ્મોલકેપ શેરોમાં વધારે રોકાણ કરે છે અને સ્વાભાવિક છે કે તેઓ કમાય તો તે પાસું પોઝિટિવ સાબિત થાય. રિલાયન્સ પાવરના શેરે ૩૪૦ ટકાનું રિટર્ન, જ્યારે બજાજ હિન્દુસ્તાનના શેરે ૨૩૧ ટકાનું રિટર્ન આપ્યું છે. રિલાયન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, દાલમિયા સુગર, શ્રી રેણુકા સુગર વગેરે શેરોએ પણ ૨૨૫ ટકાનું રીટર્ન આપી દીધું છે. આમ મીડકેપ શેરોમાં જોવાયેલા સુંદર ઉછાળાનો ફાયદો રીટેઈલ ઈન્વેસ્ટરોને થયું છે અને તેમની બજારમાં હિસ્સેદારી વધે તેવી ગણતરી છે. સતત પાંચમા ક્વાર્ટર દરમ્યાન ભારતીય શેરબજારે પોઝિટિવ ટ્રેન્ડ દર્શાવ્યો છે અને વર્ષ ૨૦૧૪-૧૫ પછી આ સૌથી લાંબો ત્રિમાસિક ઉછાળાનો સમયગાળો છે. ૨૦૦૭માં અભૂતપૂર્વ વૈશ્વિક મંદી શરૂ થઈ તે પછી વર્ષ ૨૦૧૪-૧૫માં આ રીતે તોતીંગ ઉછાળો જોવાયો હતો અને તે પછી આ વખતે મહામારીને કારણે શરૂ થયેલી પરિસ્થિતિમાં આ પ્રકારનો ટ્રેન્ડ જોવાયો તે ખૂબ જ પોઝિટિવ પરિબળ છે. આમ પોઝિટિવ પાસાઓ અને સાથે સાથે અત્યારના થોડા દિવસના કરેકશનના ટ્રેન્ડ વચ્ચે આગામી દિવસોમાં બજાર કેવું રહેશે તેની ચર્ચા કરીએ.

બેંકિંગ સેક્ટર અંગે રિઝર્વ બેંક દ્વારા તાજેતરમાં સ્પષ્ટતા કરાઈ છે કે ભારતીય બેંકોમાં લોન લોસ રેશિયો વધશે પરંતુ તે અંગે ચિંતાનું કારણ નથી કારણ કે રિઝર્વ બેંકના મંતવ્ય મુજબ ભારતીય બેંકો પાસે હવે પૂરતી મૂડી છે અને તેને કારણે એનપીએમાં જે વધારો આવશે તેને સરળતાથી ખમી શકશે. આમ આ પોઝિટિવ ટ્રેન્ડ વચ્ચે આગામી થોડા દિવસો દરમ્યાન બેંક શેરોમાં ટૂંકી વધઘટ અને કોન્સોલિડેશનનો ટ્રેન્ડ જોવાય તેવી ગણતરી છે પરંતુ આ ટ્રેન્ડ પછી વિવિધ બેંકો કે જેમાં પ્રાઈવેટ અને સરકારી બંનેનો સમાવેશ થાય છે તેમાં સુંદર ઉછાળો જોવા મળી શકશે અને તેથી અત્યારના નબળા તબક્કામાં સારા બેંક શેરો ભેગા કરી શકાય. ચાણક્યના ગયા અંકમાં પીએસયુ બેંક બીઝ ભેગા કરવાની વાત કરી હતી. આ એક પ્રકારની બેંકિંગ ઈટીએફ છે કે જેના દ્વારા સરકારી બેંક શેરોમાં રોકાણ કરાય છે અને તે અત્યારે રૂા. ૨૭.૫૦ ઉપર ચાલે છે. સરકારી બેંક શેરોમાં ઉછાળો જોવાય તો સ્વાભાવિક છે કે પીએસયુ બેંક બીઝમાં પણ ઉછાળો આવે, બેંક બીઝમાં બાવન અઠવાડિયામાં ૧૩.૫૬નું તળિયું બન્યું હતું અને તે રીતે છેલ્લા બાવન અઠવાડિયામાં તેણે ૧૦૦ ટકાનું રિટર્ન તો આપી દીધું છે અને આગામી સમયગાળામાં તેમાં હજી મોટા ઉછાળાની જગ્યા છે.

સામે પક્ષે **એચડીએફસી બેંક**નો શેર કરેકશન પૂરું કરીને હવે તેજીના કારણની રાહ જોઈ રહ્યો છે. શક્ય છે કે રિઝર્વ બેંક દ્વારા ક્રેડિટ કાર્ડ બિઝનેસ શરૂ કરવાની છૂટ મળે તો તે પાછળ રૂા. ૧૪૭૮વાળો આ શેર ઝડપથી વધવાનું શરૂ થઈ જાય. ઉપરમાં રૂા. ૧૮૪૦ના ભાવની ગણતરી છે અને તેથી ત્રણથી ચાર મહિનાના એન્ગલથી આ શેર ભેગા કરતા જવાય.

આ વખતના અંકમાં **ઇન્ડસઈન્ડ બેંક**નું એનાલિસીસ આપ્યું છે. અત્યારે રૂા. ૧૦૦૯ ઉપર છે. એપ્રિલ મહિનામાં લોકડાઉન શરૂ થયું ત્યારે ઈન્ડસઈન્ડ બેંકનો શેર લગભગ રૂા. ૨૫૦ સુધી ઊતરી ગયો હતો અને ત્યારે પણ શાંતિપૂર્વક રોકાણ જાળવવાની વાત કરી હતી અને તે પછી ૩૦૦ ટકા વધીને અત્યારે રૂા. ૧૦૦૯ ઉપર છે. જાળવી રાખજો, આગામી સમયગાળામાં આ શેર સુંદર રિટર્ન આપી જશે.

રૂા. ૬૩૬ના ભાવનો **આઈસીઆઈસીઆઈ બેંક** પણ આગામી દિવસોમાં ખૂબ સુંદર રિટર્ન આપી જાય તેવી ગણતરી છે અને તેથી તેની ઉપર ફોકસ રખાય. જ્યારે **એક્સિસ બેંક**ના શેરમાં પણ આગામી દિવસોમાં ખૂબ સુંદર ઉછાળાની જગ્યા છે.

**આરબીએલ બેંક** અત્યારે રૂા. ૨૧૧ ઉપર ચાલે છે અને તેમાં શોર્ટટર્મમાં ભલે મોટો ઉછાળો ન દેખાતો હોય પરંતુ તે શેરમાં આગામી દિવસોમાં સુંદર રિટર્ન મળી શકશે.

શોર્ટટર્મ ખેલાડીઓનું આકર્ષણ રૂા. ૩૨૬વાળા **બંધન બેંક**ના શેરમાં વધતું જાય છે. ગૃહ ફિનાન્સ હસ્તગત કર્યા પછી આ શેરે તોતીંગ ઉછાળો બતાવ્યો હતો પરંતુ હવે યોગ્ય વેલ્યૂએશન ઉપર કહી શકાય અને તેમાં રોકાણ જાળવી શકાય.

રૂા. ૮૬ના ભાવના **ફેડરલ બેંક**ના શેરમાં હજી થોડો વખત ટૂંકી વધઘટનો ટ્રેન્ડ દેખાય છે અને તે પછી ઝડપી ઉછાળા સાથે રૂા. ૯૬-૧૦૬નો ભાવ જોવા મળવાની ગણતરી છે.

સામે પક્ષે **કોટક બેંક**નો શેર અત્યારે નબળાઈના તબક્કામાં છે. રૂા. ૧૭૧૬વાળો આ શેર આગામી દિવસોમાં વધારે ઘટે તો નવાઈ નહિ લાગે. તેવી જ રીતે રૂા. ૫૪ વાળો **આઈડીએફસી ફર્સ્ટ બેંક**નો શેર પણ શોર્ટટર્મમાં ઘટાડો બતાવશે તે સંભાવના મજબૂત છે પરંતુ આ શેરમાં લોંગટર્મ એન્ગલથી થોડું થોડું રોકાણ વધારી શકાય.

રૂા. ૧૦૨૨ ઉપરના **એયુ સ્મોલ ફિનાન્સ બેંક**માં હજી થોડા દિવસો નબળાઈ અને કોન્સોલિડેશન રહેવાની ગણતરી છે અને તે પછી તેમાં નવી તેજી શરૂ થશે.

સરકારી બેંકોમાં રૂા. ૪૨૦ ઉપરના **સ્ટેટ બેંક**ના શેરમાં ઝડપી ઉછાળાની જગ્યા નહિવત છે. થોડા દિવસો ટૂંકી વધઘટ ઉપર રહ્યા પછી આ શેરમાં નવી તેજી શરૂ થશે પરંતુ તે માટે રાહ જોવી પડશે.

બેંક નિફ્ટીમાં સ્થાન ધરાવતી **પંજાબ નેશનલ બેંક**નો શેર રૂા. ૪૨ ઉપર છે અને તેમાં થોડું થોડું રોકાણ વધારી શકાય.

હાલના તબક્કે **બેંક ઓફ બરોડા** રૂા. ૮૫ના ભાવે ખૂબ જ આકર્ષક છે અને તેમાં થોડુંક રોકાણ કરવું ખોટું નહિ.

બેંકિંગ શેરોમાં રૂા. ૧૫-૧૬માં મળતો **ધનલક્ષ્મી બેંક** અને રૂા. ૨૫ના ભાવે મળતો **બેંક ઓફ મહારાષ્ટ્ર**નો શેર ધ્યાનમાં રખાય અને તેમાં થોડા થોડા શેરો ભેગા કરી શકાય. પરંતુ તેમાં મોટા ઉછાળા માટે રાહ જોવી પડશે.


પ્રેમવત્સ હસ્તકની **સીએસબી બેંક** અત્યારે રૂા. ૨૪૩ ઉપર ચાલે છે અને તેમાં પણ થોડા દિવસો નબળાઈનો ટ્રેન્ડ રહેવાની ગણતરી છે અને તે પછી નવી જોરદાર તેજી શરૂ થશે.

રૂા. ૭૮ના ભાવના **બેંક ઓફ ઇન્ડિયા**માં પણ નાનું રોકાણ કરી શકાય


## ડે-ટ્રેડીંગમાં કેવી રીતે કમાવાય ?


**ખૂબ જ ઓછા મૂડીરોકાણથી સારું કમાઈ લેવા માટે શેરબજારના લગભગ ૫૦ ટકા સોદાઓ ડે-ટ્રેડીંગના થાય છે અને ડે-ટ્રેડીંગમાં કેવી રીતે શેર પસંદ કરવો અને ક્યારે તેમાં એન્ટ્રી લેવી તે અંગેની વિસ્તૃત સમજ આપતું આ અંગ્રેજી પુસ્તક છે. અને અમારા દ્વારા રૂા. ૨૯૫ની મૂળ કિંમતનું આ પુસ્તક ખાસ ડિસ્કાઉન્ટ કિંમતમાં ઓફર થયું છે. રૂા. ૨૯૫-૨૫ = રૂા. ૨૭૦**

**ઓનલાઇન ખરીદો GyanPothi.com**





## શેરબજારનું ટેકનિકલ એનાલિસીસ સમજો

**ચાણક્યના દર અંકમાં ચાર્ટ એનાલિસીસ આપીએ છીએ. આ એનાલિસીસ સમજવા ડો. હર્ષદ કામદાર લિખિત એક ગુજરાતી પુસ્તક રસપ્રદ છે. ડો. હર્ષદ કામદાર દ્વારા સરળ ભાષામાં ચાર્ટ એનાલિસીસની સમજ આપી છે. આ પુસ્તક ખરીદવા ચાણક્ય ગ્રૂપ દ્વારા ખાસ રૂા. ૧૫ ડિસ્કાઉન્ટ રૂા. ૧૨૦-૧૫ = રૂા. ૧૦૫**




## ધ ઇન્ટેલિજન્ટ ઇન્વેસ્ટર

**આ પુસ્તક અત્યારે અંગ્રેજી અને હિન્દીમાં ઉપલબ્ધ છે પરંતુ આ પુસ્તકને શેરબજારના બાઈબલ તરીકે વિશ્વભરમાં ઓળખવામાં આવે છે અને શેરબજાર અંગે કશું પણ શીખવા માંગતા ઇન્વેસ્ટરે આ પુસ્તક ભલે વાંચો નહિ પરંતુ દરરોજ રાત્રે માથા નીચે મૂકીને સૂઈ જવા માટે યોગ્ય કહી શકાય. બેન્જામિન ગ્રેહામ દ્વારા લખાયેલા આ પુસ્તકનો વિસ્તૃત અભ્યાસ વિશ્વના સૌથી ધનાઢ્ય ઇન્વેસ્ટર વોરેન બફેટ દ્વારા કરવામાં આવ્યો હતો અને આ પુસ્તકની એકેએક સલાહ વોરન બફેટે તેમના જીવનમાં અપનાવી છે અને કદાચ તેને કારણે તેઓ જોરદાર સફળ થયા. આ પુસ્તક ખરીદવા ચાણક્ય ગ્રૂપ દ્વારા ખાસ કિંમત રૂા. ૭૯૯ રૂા. ૭૫૦**




**ઓનલાઇન ખરીદો GyanPothi.com**
**GooglePay ૯૮૨૪૨૩૨૪૨૪ દ્વારા પણ પેમેન્ટ કરી શકાશે**
**પેટીએમ ૯૮૨૪૨૩૨૪૨૪ દ્વારા પણ પેમેન્ટ કરી શકાશે**

## ડ્રાઈવર ?



ડ્રાઈવર, રસોયા, નોકર શોધવા હવે ખૂબ જ સરળ
staffavailable.com
ના એકદમ અલગ પ્રકારના અને દેશમાં એકમાત્ર આવી સવલત ઓફર કરતાં પ્લેટફોર્મ ઉપર તમારી જરૂરિયાત મૂકી દો
**તદ્દન ફ્રી**
**staffavailable.com**


## ગામની ગપસપ

- **હિન્દુસ્તાન યુનિલિવર**, દેશની સૌથી મોટી એફએમસીજી કંપની, સારા ચોમાસાનો ફાયદો મળવાનો, અનલોકને કારણે ગ્રામ્ય માંગ અંગે પણ આશાવાદ, શેર અત્યારે વધીને રૂા. ૨૪૬૫ ઉપર આવી ગયો છે. આવતા થોડા દિવસોમાં રૂા. ૨૫૫૨ના ભાવની સંભાવના મજબૂત.
- **બ્રિટાનિયા ઇન્ડસ્ટ્રીઝ**, એફએમસીજી કંપનીઓ અને ખાસ કરીને બિસ્કિટ બનાવતી કંપનીઓ માટે સારો સમય, અત્યારના રૂા. ૩૬૮૯ના ભાવે ધ્યાનમાં રખાય. ધીમા સુધારા સાથે રૂા. ૩૮૦૦ના ભાવની ગણતરી.
- **એસબીઆઈ લાઈફ**, છેલ્લા ઘણા સમયથી ભેગા કરવાનું દર્શાવીએ છીએ. આખરે રૂા. ૧૦૦૦ કૂદાવીને રૂા. ૧૦૦૨ ઉપર આવ્યો છે. જાળવી રાખજો, એકદમ ધીમા સુધારા સાથે આ શેરમાં રૂા. ૧૧૦૦ના ભાવની ગણતરી.
- **એચડીએફસી બેંક**, ધિરાણ વૃદ્ધિ સુંદર છે, પરંતુ ટેકનિકલ ખામી દૂર કરવા મેનેજમેન્ટના ઝડપી પગલાં, માફી પણ માંગી લીધી, રૂા. ૧૫૦૬ના ભાવે ભેગા કરતા જજો અને આ વખતના ઉછાળામાં ઝડપથી રૂા. ૧૮૦૦નો ભાવ જોવા મળી જાય તો નવાઈ નહિ લાગે. મંદી કરવાની ભૂલ ન કરાય.
- **એક્સિસ બેંક**, પરિણામો ખૂબ જ પ્રોત્સાહક અને તેને કારણે રૂા. ૭૩૯વાળી એક્સિસમાં એસઆઈપીની રીતે થોડા થોડા શેરો ભેગા કરો, સુંદર રિટર્ન આપે.
- **પીરામલ એન્ટરપ્રાઈઝ**, મુકેશ અંબાણીનો વેવાઈ અને આ પણ એક મોટી સિદ્ધિ છે અને તેને કારણે પણ તેજીને બળ મળે. દીવાન હાઉસીંગ હસ્તગત કરવાની વાત પાછળ તોફાની ઉછાળા સાથે રૂા. ૨૨૫૭ ઉપર આવ્યો છે. રોકડી કરવાની ઉતાવળ ન કરતા, બીજી રૂા.૧૦૦ની નોટ આપી જશે. ઉપરમાં રૂા. ૨૩૯૭નો ભાવ જોવા મળે.
- **યુનાઈટેડ સ્પીરીટ**, અસલના ભાવે આઈટીસી ન લીધો હોય અને હવે તેવો મલ્ટીબેગર શેર લેવો હોય તો યુનાઈટેડ સ્પીરીટ લેવાનું ગયા અઠવાડિયે કહ્યું હતું. રૂા. ૬૪૪માં લો, ઝડપથી રૂા. ૬૭૪નો ભાવ જોવા મળે.
- **યુનાઈટેડ બ્રુવરી**, વિદેશી પ્રમોટરોને હોલ્ડિંગ વધારવાની છૂટ અપાઈ. નફો પણ સુંદર આપશે. રૂા. ૧૪૦૦ તો આવી ગયો, પકડી રાખજો, આવતા થોડા દિવસોમાં રૂા. ૧૪૪૪ના ભાવની ગણતરી.
- **બાયોકોન**, અફલાતૂન ફન્ડામેન્ટલ અને કંપની પાસે રીસર્ચના જોરદાર પ્રોજેક્ટો, રૂા. ૪૧૫ ઉપર આવી ગયો છે. થોડા દિવસોમાં જ રૂા. ૪૪૦નો ભાવ બતાવશે.
- **રાલિસ ઇન્ડિયા**, તાતા ગ્રૂપનો શેર, તાતા કેમિકલ્સ સાથે ભેળવી દેવાય તે સંભાવના મજબૂત, રૂા. ૩૪૪માં થોડાક શેરો લઈ લો અને આવતા થોડા દિવસોમાં રૂા. ૩૭૪ના ભાવની ગણતરી.
- **સુંદરમ્ ફાસ્ટનર**, નવી તેજીમાં દાખલ થયો છે. રૂા. ૮૪૫માં લેવાય. ઝડપથી રૂા. ૯૦૦ના ભાવની ગણતરી.
- **બાટા ઇન્ડિયા**, ફરી એક વખત બાટાની શૂઝની માંગ વધે, બેંક વાળાઓને ઉઘરાણીમાં જવું પડે છે અને અસંખ્ય યુવકોને નોકરી શોધવામાં બાટાના પગરખાંની જરૂર, માંગ અને નફો વધ્યા, રૂા. ૧૫૪૬ના ભાવે થોડાક શેરો લઈ લો, આંકડાની અદલાબદલી કરશે.
- **ઇન્ડેક્ષ**, નવા ડેરીવેટીવની શરૂઆત એકંદરે પોઝિટિવ માહોલમાં થઈ. આગામી દિવસોમાં અનલોકડાઉનને કારણે વિવિધ સેક્ટરનું કામકાજ સુધરવાનું, આશાવાદ વધ્યો છે. ખાસ કરીને આઈટી, બેંક અને એફએમસીજી શેરોની પાછળ સેન્સેક્ષ અને નિફ્ટી ઊંચકાય.
- **તાતા કન્ઝ્યુમર**, થોડા દિવસો પહેલા જ રૂા. ૬૩૦ ઉપર હતો અને ગણતરીના દિવસોમાં રૂા. ૭૫૭ ઉપર આવ્યો છે. આવતા થોડા દિવસોમાં રૂા. ૭૮૫-૮૦૦ના ભાવની ગણતરી.
- **ટાઈટન**, સોનામાં હોલમાર્કનો પ્રારંભ અને તેમ છતાં સૌથી વધારે આકર્ષણ ટાઈટનના શેરમાં, સાડીના વિશાળ નવા બિઝનેસમાં પણ દાખલ થઈ છે. રૂા. ૧૭૮૦ના ભાવે ધ્યાનમા ંરાખવો અને શોર્ટટર્મમાં જ આ શેરમાં તોતીંગ ઉછાળા સાથે રૂા. ૧૮૦૫ અને તે પછી રૂા. ૧૮૨૮ના ભાવની ગણતરી.
- **ઇન્ફોસીસ**, અનેક ફંડ મેનેજરોએ આ શેરમાં એક્સપોઝર લીધું છે. અત્યારે રૂા. ૧૫૫૬ ઉપર, રોકાણ જાળવી રખાય, થોડાક શેરો શોર્ટટર્મ માટે પણ લેવાય, નજીકના દિવસોમાં જ રૂા. ૧૬૦૬નો ભાવ જોવા મળે.
- **ટીસીએસ**, થોડા દિવસો પહેલા જ રૂા. ૩૦૦૦ ઉપર હતો અત્યારે રૂા. ૩૩૮૦ ઉપર આવી ગયો છે. જાળવી રાખજો, થોડા દિવસોમા ંજ રૂા. ૩૪૩૪ અને તે પછી રૂા. ૩૫૫૫નો ભાવ ફિટ જોવા મળે. આ શેરમાં સુંદર આકર્ષણ.
- **રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ**, વાર્ષિક સામાન્ય સભામાં ખૂબ જ જોરદાર જાહેરાત આવી અને તેને કારણે રિલાયન્સમાં આકર્ષણ, અત્યારે વધીને રૂા. ૨૦૯૨ ઉપર મળી રહ્યો છે. ધીમા સુધારા સાથે રૂા. ૨૨૨૨ના ભાવની સંભાવના મજબૂત.
- **મારૂતિ**, નવા મોડલો લોન્ચ કરવાની, ૧લી જુલાઈથી ભાવ વધારો પણ આવે છે. નફો સુધરશે, રૂા. ૭૫૩૦વાળા આ શેરમાં આકર્ષણ અને આવતા થોડા દિવસોમાં જ આ શેરમાં મજબૂત ઉછાળા સાથે રૂા. ૭૬૭૬નો ભાવ જોવા મળે. નાનું રોકાણ કરી દેવાય.
- **એચડીએફસી લાઈફ**, કોરોના મહામારી પછી વીમાની પોલિસી અંગે ભારે જાગૃતિ, પ્રાઈવેટ સેક્ટરની વીમા કંપનીઓને ફાયદો, રૂા. ૭૨૪ ઉપર આવી ગયેલી એચડીએફસી લાઈફમાં આવતા થોડા દિવસોમાં રૂા. ૭૩૩ના ભાવની ગણતરી, થોડાક શેરો લઈને મૂકી શકાય.
- **અલ્ટ્રાટેક સિમેન્ટ**, અત્યાર સુધી સરકારી સેક્ટરને કારણે જ માંગ હતી હવે પ્રાઈવેટ સેક્ટરની માંગ નીકળશે. રૂા. ૬૯૮૦ ઉપરના અલ્ટ્રાટેકમાં લાંબી તેજીનો પ્રારંભ, પાંચેક શેર લઈને મૂકી શકાય. શોર્ટટર્મમાં રૂા. ૭૦૩૦ અને તે પછી ધીરે ધીરે રૂા. ૭૨૭૨નો ભાવ જોવા મળવાની ગણતરી. થોડાક અઠવાડિયાના એન્ગલથી પણ લઈ શકાય.


## SHAH FOODS LIMITED

**CIN : L15419 GJ 1982 PLC 005071**
**Regd. Office : Kalol Mehsana Highway, PO.-Chhatral, Tal.-Kalol, Dist.-Gandhinagar-382729**
**Telephone 079 26448371 , 02764233931 email : nirav.shah@shahfoods.com**
**Extract of Audited Financial Results for the quarter & year ended 31 March, 2021**

| SR No. | PARTICULARS | Quarter ended 31/03/2021 | Year ended 31/03/2021 | Year ended 31/03/2020 |
|---|---|---|---|---|
| 1 | Total Income from Operations | 8.79 | 8.71 | 101.34 |
| 2 | Net Profit / (Loss) for the period before tax, Exceptional and/ or Extraordinary items) | (13.13) | (55.16) | (175.35) |
| 3 | Net Profit / (Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items#) | (13.13) | (55.16) | (175.35) |
| 4 | Net Profit / (Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items#) | (14.74) | (55.28) | (172.38) |
| 5 | Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)] | (14.74) | (55.28) | (172.38) |
| 6 | Equity Share Capital | 59.75 | - | - |
| 7 | Other equity | (57.05) | (57.05) | (1.78) |
| 8 | Earnings Per Share (of Rs. 10/- each) (for continuing and discontinued operations) - 1. Basic: 2. Diluted: | (2.47) | (9.25) | (28.85) |

**Notes :**
1. The above Results have been reviewd by the Audit Committee and approved by the Board of Directors of the Company at its Meeting held on 29 June,2021. The statutory auditors have carried out the Audited financial results for the quarter and year ended 31 March, 2021 and have expressed an unqualified audit opinion.
2. The Financial Results for the quarter and year ended March 31, 2020 and March 31,2021 have been prepared in accordance with the Companies (Indian Accounting Standards) Rules,2015 (Ind As), prescribed under section 133 of the Companies Act, 2013, and other recognized accounting practices and policies to the extent applicable.
3. Britania Limited has discontinued Job work from our company from the last year and the management has decided to sale the Machinery and Factory related to the said business. The said is shown as Assets held for Sale. The management is exporling new line of business
4. Due to the outbreak of Covid-19 globally and India,the company's management has made initial assessementof the likely adverse impact on business and financial risks, and believes that the impact is likely to be short term in nature. The management doesnot see any medium to long term risk in the companay's ability to continue as going concern and meetings its laibilties as and when they fall due.
5. The above is an extract of the detailed format of Yearly Financial Results filed with the Stock Exchanges under Regulation 33 and 52 of the SEBI (Listing and Other Disclosure Requirements) Regulations, 2015, as amended. The full format of the Quarterly/Yearly Financial Results are available on the Stock Exchange website www.bseindia.com and on the Company's website www.shahfoods.com

**For, Shah Foods Limited**
**Sd /-**
**Nirav Shah**
**Managing Director**
**DIN : 01880069**

**Date : 29-06-2021**
**Place : Ahmedabad**